જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૨/૧૨/૨૦૨૫ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૬૯૨/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૦૧ કેસ કરી, ૯૯ વ્યક્તિઓને ઝડપી, ૪૩૯ લીટર દેશી દારૂ, ૧૮૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૭૬૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૪૨૩ બિયર ટીન અને ૦૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૯ કેસ કરી ૨૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬૧,૧૨૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૬૯૩/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૭૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૧૬૯૪/૨૦૨૫**

વસ્ત્રાપુરઃ સોભીત અતુલભાઇ સક્સેના (રહે. જલધારા એપાર્ટમેન્ટ કેનેરા બેકની ગલીમાં સુરધારા સર્કલ થલતેજ) એ તા.૦૧/૧૨/૨૦૨૫ ના રોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૯/૧૧/૨૦૨૫ કલાક ૦૮/૦૦ થી તા.૦૧/૧૨/૨૦૨૫ બપોરના ૦૩/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તેમજ ઇન્ટરીયલ લોક તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી લાકડાના કબાટના ડ્રોઅરમાંથી સોના–ચાંદીના દાગીના તેમજ રોકડ રૂપિયા ૫,૦૦૦/– મળી કુલ રૂપિયા ૨,૯૪,૫૦૦/– મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એલ.એલ.ચાવડા ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૧૬૯૫/૨૦૨૫**

નારોલઃ નારોલ લાંભા ઇન્દિરાનગર વિભાગ ૦૨ જૈન દેરાસર પાસે ધર્મુભુમિ સોસાયટી ખાતે રહેતા રાકેશભાઇ અનુરાગદત્ત મિશ્રા નાઓની સગીર વયની પુત્રીએ અગમ્ય કારણસર તા.૩૦/૧૧/૨૦૨૫ બપોરના ૦૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.જી.લેઉવા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી